## જન્મદિને વધામણી



મુળુભા જે મકવાણા
મો. ૯૪૨૮૮ ૦૫૬૨૮



ભાનુમતિ બી ઠક્કર



ભાવનાબેન હરીશકુમાર પ્રજાપતિ
મો. ૯૯૨૪૮ ૮૨૧૭૨



ભાવનાબેન હરીશકુમાર પ્રજાપતિ
મો. ૯૯૨૪૮ ૮૨૧૭૨



દિપીકાબેન સોલંકી
મો. ૯૯૯૮૪ ૦૧૦૯૦



વૈદેહી પરેશ દવે
મો. ૯૮૨૪૦ ૨૪૭૧૮



સર્વેશ સૂર્યકાન્ત બાગ્વે
મો. ૯૭૨૫૪ ૭૧૮૯૮

# શ્રી જે બી પ્રાથમિક શાળામાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં મંગળવારે વિદ્યાર્થીઓ અને શિક્ષક ભાઈ-બહેનોના સહિયારા પ્રયાસથી ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી.

શાળાનાં આચાર્ય નીવાબેન પટેલે વિદ્યાર્થીઓનો રૂડા આશીર્વાદ પાઠવી તેના સુરક્ષાકવચ સાથે વિદ્યાર્થીઓ સુરક્ષિત રહી જીવનમાં પ્રગતિ કરી શકે તેવી ગુરુભાવના વ્યક્ત કરી હતી. આ સાથે દરેક વિદ્યાર્થીએ શાળાના શિક્ષક ભાઈ-બહેનોને શ્લોકના સુમધુર ગાન શિષ્યભાવે સ્વપ્રયત્ને તૈયાર કરેલ પુષ્પગુચ્છ સહ કુમકુમનો ચાંદલો અને આરતી સાથે ગુરુપૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમાની ઉજવણીના ભાગરૂપે ગુરુ-શિષ્યના અતૂટ પ્રેમને વ્યક્ત કરતાં ગીતો અને વક્તવ્યો રજૂ કર્યાં હતાં. આ પ્રસંગે શાળામાં ફૂલછડી મેકિંગ સ્પર્ધામાં ધોરણ-૬થી ૮ના ૧૦૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળા પરિવારે તમામ વિદ્યાર્થીઓને રૂડા આશીર્વાદ સહ અભિનંદન પાઠવ્યા હતા.

# ચંબલના ડાકુમાંથી બ્રહ્મકુમાર બનેલ પંચમસિંહ ગાંધીનગરના મહેમાન



ગાંધીનગર, તા. ૨૦

ચંબલની ખીણના પ્રસિદ્ધ ડાકૂમાંથી રાજઋષિ બનેલ બ્રહ્માકુમાર પંચમસિંહ ગાંધીનગરના આંગણે પધારતાં શહેરના કોર્પોરેટર બરખાબેન જહાં દ્વારા તેમનું શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં જયપ્રકાશ નારાયણના પ્રયાસોથી અને મધ્યપ્રદેશની ચંબલની ખીણના ૫૫૦ ડાકુઓએ ૧૯૭૨માં આત્મસમર્પણ કર્યું હતું. આ ડાકુઓના સરદાર પંચમસિંહ કે જેમને સમર્પણ બાદ ચાલેલ કાનૂની કાર્યવાહીમાં ફાંસીની સજા ફરમાવવામાં આવી હતી. પરંતુ તત્કાલિન રાષ્ટ્રપતિએ તેમની ફાંસીની સજા માનવતા અને રહેમની નજરે ઘટાડીને આજીવન કેદની સજામાં ફેરવી હતી. ૧૯૭૭માં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય તરફથી જેલમાં રાખેલ આધ્યાત્મિક કાર્યક્રમ અને રાજયોગના અભ્યાસથી ડાકુ જીવન દરમ્યાન પૂર્ણ હિંસક બનેલ પંચમસિંહના વિચારોમાં આવેલ અદ્ભૂત પરિવર્તન જોઈ ફક્ત આઠ વર્ષ બાદ તેમની સજા પૂર્ણ જાહેર કરી તેમને જેલમાંથી મુક્ત કર્યા હતા. વિધ્યાલયના સંપર્કમાં રહી આજે ૯૪ વર્ષની ઉંમરે શારીરિક રીતે સંપૂર્ણ નિરોગી, મનથી સાધનો અને સુવિધાઓથી સંપન્ન અને વ્યવહારમાં પવિત્રતાનો ભેખ ધારણ કરી સ્વાચ્છોશ્વાસ પરમપિતા પરમાત્મા શિવબાબાની યાદમાં રહી પોતે મેળવેલ મનની સાચી શાંતિ, સુખ, આનંદ અને પ્રેમની રાહ ચિંધવા, પોતાના અનુભવની મહેક અને પ્રભુપિતાનો સંદેશ ભારતના વર્ષના ગામોમાં, શૈક્ષણિક સંસ્થાઓ, જેલો, મિલીટરી, પેરામિલીટરી દળ, મિડીયામાં ફેલાવી વાલીયો બન્યો વાલ્મિકીનું જીવંત ઉદાહરણ પુરૂ પાડી રહ્યા છે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
૬.૩૦. ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
સુલતાન
૬.૦૦, ૯.૩૦
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
૧૨.૩૦, ૩.૩૦

**સ્ક્રીન-૩**
આઈસ એજ (અંગ્રેજી, ૩ડી)
૧.૪૫. ૫.૪૫, ૯.૪૫
આઈસ એજ (હિન્દી, ૩ડી)

**સ્ક્રીન-૪**
રોમિયો ઍન્ડ રાધિકા (ગુજરાતી)
૬.૪૫, ૯.૪૫
સુલતાન
૧૨.૦૦, ૩.૩૦

**સ્ક્રીન-૫**
સુલતાન
૨.૦૦, ૫.૧૫, ૮.૩૦
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
સવારે ૧૦.૦૦

### પ્રૉફેશનલ ફોટોગ્રાફર્સ ગૃપ દ્વારા

# ફોટોગ્રાફર્સ માટે વર્કશૉપ યોજાયો



ગાંધીનગર, તા. ૨૦

પ્રૉફેશનલ ફોટોગ્રાફર્સ ગૃપ, ગાંધીનગર દ્વારા ગાંધીનગરના ફોટોગ્રાફર્સ મિત્રો માટે ફોટોગ્રાફી વર્કશૉપ તેમજ નવી ટૅકનોલૉજીના આલ્બમનું નિદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં ફોટોગ્રાફર્સ ઉત્સાહથી જોડાયા હતા.

સંસ્થા દ્વારા સૅક્ટર-૧૯ જીમખાના ખાતે વિડીયો-ફોટોગ્રાફર્સ ઍસોસિએશન ઑફ ગુજરાતના સહયોગથી આ વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું તથા સુરતના મૅક્સમીડિયા ડિજીટલ પ્રેસ દ્વારા નવી ડિઝાઈનના આલ્બમનું ડૅમોન્સ્ટ્રેશન પણ યોજવામાં આવ્યું હતું.

ગાંધીનગરના ૬૫ જેટલા ફોટોગ્રાફર્સે આ વર્કશૉપમાં ભાગ લઈ ફૅકલ્ટી જોધસિંહ પાબ્લા પાસેથી ફોટોગ્રાફી અંગે વિશદ જાણકારી પ્રાપ્ત કરી હતી. આ પ્રસંગે વિડીયો-ફોટોગ્રાફર્સ ઍસોસિએશન ઑફ ગુજરાતના હોદ્દેદારો જયેશભાઈ શાહ, જયેન્દ્રભાઈ પટેલ તેમજ ધર્મેન્દ્રભાઈ કામદાર ઉપસ્થિત રહ્યા હતા. વર્કશૉપના સફળ આયોજનમાં ગ્રેહામ પ્રવાસી, પુલકિત, હિરેન રાવલ, નિમેષ સોની, શેખર ગદાણી, પુનિત પાઠક, રાકેશભટ્ટ, વિપિન ખાબ્યાડા, રાકેશ મીના, નિલેશ પુજારા, જયદીપસિંહ જાડેજાએ જહેમત ઉઠાવી હતી.

# પ્રેરણા વિદ્યાલય ખાતે જ્યોતિ મહિલા મંડળ દ્વારા વેશભૂષા સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૦

સૅક્ટર-૫માં સ્થિત પ્રેરણા વિદ્યાલય ખાતે ગૌરી વ્રત નિમિત્તે જ્યોતિ મહિલા મંડળ દ્વારા ફૅન્સી ડ્રેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જ્યોતિ મહિલા મંડળનાં પ્રમુખ લતાબેન ચોક્સી તથા મીનાક્ષીબેન, દક્ષાબેન, ચેતનાબેન, નિરૂબેન અને પંચદેવ મંદિરના મહંત નિલકંઠભાઈ દ્વારા શાળાની નાની બાળકીઓને ગૌરી વ્રતનું મહત્ત્વ સમજાવ્યું હતું. સર્વ વિદ્યાર્થીઓમાંથી સર્વશ્રેષ્ઠ ડ્રેસ ધારણ કરેલ હોય તેવા ૬ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યાં હતાં, જેમાં સીમરન સમા, તસવીર પરમાર, સિદ્ધિ ચૌધરી, દિવ્યા ચૌહાણ, સુહાની શર્મા અને પ્રાચી દરજીને અનુક્રમે ઈનામો આપવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે શાળાના આચાર્ય મનીષભાઈ ખત્રી અને મહેશભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સરસ્વતીબેન બારોટ દ્વારા કરવામાં આવ્યું હતું, કાર્યક્રમને સફળ બનાવવામાં શિક્ષકો સહભાગી બન્યા હતા.

# કોઈને કારકિર્દી ઘડવા માટે મારાથી જે મદદ થાય તે કરીશ

'માત્ર ૮૫ રૂપિયાનો સવાલ હતો, કૉલેજની ફી ભરવાની હતી. પિતાજી પાસે ગયો તો ખબર પડી કે એમની પાસે તો ખેતર સરખું કરાવવા જેટલાય રૂપિયા નથી. મૂંઝાયો. આખરે માના શરણે ગયો. માએ પોતાની પાસે બચાવેલા ને અન્ય પાસેથી લાવી આણેલા રૂપિયા એકઠા કરીને મને આપ્યા ને હું કૉલેજની ફી ભરી શક્યો. એ દિવસે ખૂબ લાગી આવ્યું હતું કે જેવી મારી હાલત થઈ છે એવી બીજાનીય થતી હશે ને ? નાણાંના અભાવે કેટલાંનું ભણતર અટકી પડતું હશે! અને એ જ દિવસે એ પણ નક્કી કર્યું કે કોઈને કારકિર્દી ઘડવા માટે મારાથી જે મદદ થાય તે કરીશ. બસ, એ નિશ્ચયને વફાદાર રહ્યો ને એટલે આ કરી શક્યો.'

આ શબ્દો છે ગાંધીનગરના એકલવીર પ્રવીણભાઈ જોષીના. અને એમના શબ્દોમાં 'આ કરી શક્યો'






એટલે '૩૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓને સ્ટેનોગ્રાફીની તાલીમ નિઃશુલ્ક આપી શક્યો.'

જી હા, ૧૯૬૪થી શરૂ કરીને આજદિન સુધી પ્રવીણભાઈ સ્ટેનોગ્રાફી શીખવા આવનાર દરેક વ્યક્તિને સ્ટેનોગ્રાફી એકપણ રૂપિયો ફી લીધા વિના શીખવે છે. એમને યાદ છે કે એમનો પહેલો વિદ્યાર્થી એમનો મિત્ર જ હતો, જેણે સામે ચાલીને તેમની પાસે સ્ટેનોગ્રાફી શીખવાની ઈચ્છા વ્યક્ત કરી હતી ને ત્યારથી પ્રવીણભાઈએ મફત સ્ટેનોગ્રાફી શીખવવાના યજ્ઞનો શુભારંભ કર્યો હતો.

વર્ષો પહેલાં સૅક્ટર-૨૩ ખાતે એમના નિવાસસ્થાને વહેલી સવારથી સ્ટેનોગ્રાફીની બૅચ શરૂ થઈ જતી અને ૭ વાગ્યે ગયા હોઈએ તો બેસવાની સરખી જગ્યા પણ ન મળે એટલી તાલીમાર્થીઓની ભીડ જામી હોય એવું મેં નજરે જોયું છે.

પ્રવીણભાઈ પાસેથી સ્ટેનોગ્રાફીની પદ્ધતિસરની તાલીમ લઈને ગયેલા વિદ્યાર્થીઓ પૈકી ૬૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ તો વિવિધ સરકારી, અર્ધસરકારી વિભાગોમાં ને ખાનગી એકમોમાં ગર્વભેર જોડાઈને પોતાની કેરિયર પણ બનાવી ચૂક્યા છે, જે વાતનો પ્રવીણભાઈને બેહદ સંતોષ છે. પોતાના અભ્યાસને આડે ગરીબી આવી હતી, પરંતુ પોતાને ત્યાં સ્ટેનોગ્રાફી શીખવા આવનાર વ્યક્તિ અમીર છે કે ગરીબ એવું તેમણે ક્યારેય જોયું નથી, બસ પોતાને સ્ટેનોગ્રાફી આવડે છે એટલે બીજાને શીખવવાની છે એટલી જ વાત એમની સમજમાં હતી ને એ જ મુજબ એ વર્ત્યા. ૧૯૬૪માં સરકારી નોકરીમાં સ્ટેનો ગ્રેડ-૨ તરીકે જોડાયા બાદ સામાન્ય વહીવટ વિભાગ, પર્સોનલ વિભાગ અને ઈલેક્શન વિભાગમાં સેવા આપ્યા બાદ સ્ટેનો ગ્રેડ-૧ તરીકે ઈલેક્શન વિભાગમાંથી જ નિવૃત્ત થયા. આ દરમ્યાન એમની નિઃશુલ્ક સ્ટેનોગ્રાફી શીખવવાના યજ્ઞની પ્રવૃત્તિ તો ચાલુ જ રહી ને આજેય એમના નિવાસસ્થાને, સૅક્ટર-૮માં ચાલુ જ છે, માત્ર ગુજરાતી જ ન નહીં, અંગ્રેજી સ્ટેનોગ્રાફીના વિદ્યાર્થીઓ પણ તેમની પાસે સ્ટેનોગ્રાફી નિઃશુલ્કપણે શીખી રહ્યા છે. મૂળ હળવદના ને રાજકોટમાં ઉછરેલા, વિરાણી હાઈસ્કૂલમાં ભણેલા પ્રવીણભાઈ હવે તો ગાંધીનગરના નાગરિક છે. એમની આ સેવાયાત્રાને આજે એટલે યાદ કરવી પડી કે પ્રવીણભાઈ પોતાની આ સેવાયાત્રાનો વ્યાપ વધારી રહ્યા છે. પોતાના વર્ષોના દીર્ઘ અનુભવને આધારે તૈયાર કરેલા સ્ટેનોગ્રાફીનાં લેસન તેઓ યુ-ટ્યુબ પર મૂકી રહ્યા છે. આ લેસનનું મોટાભાગનું રૅકોર્ડિંગ થઈ ચૂક્યું છે, જે બાકી છે, તે ગણતરીના દિવસોમાં આટોપાઈ જશે ને પછી સઘળાં લેસન યુટ્યુબ પર અપલોડ કરવામાં આવશે. આ લેસનના માધ્યમથી હવે યુટ્યુબનો ઉપયોગ કરીને પણ ફ્રી સ્ટેનોગ્રાફી શીખી શકાશે. યુટ્યુબ પર આ લેસન અપલોડ થાય ત્યારે પણ ગાંધીનગર સમાચાર તેની નોંધ લેશે જ પરંતુ અત્યારે પ્રવીણભાઈને સાદર પ્રણામ કરી તેમના આ નવતર સેવા અભિયાન માટે શુભકામનાઓ પાઠવીએ છીએ!

# લોહાણા સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન

ગાંધીનગર, તા. ૨૦

શ્રી જલારામ સેવા સમાજ દર વર્ષે લોહાણા સમાજના તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સન્માનવા માટે વિદ્યા પુરસ્કાર કાર્યક્રમ યોજે છે. ચાલુ સાલે પણ વિદ્યા પુરસ્કાર કાર્યક્રમ યોજવાનું આયોજન છે, એમ જણાવતાં સમાજના પ્રમુખ જિતેન્દ્રકુમાર સોજાણી તથા સેવંતીલાલ જે ઠક્કર જણો છે કે સમાજના સભ્યોના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીએ પોતાની માર્કશીટની પ્રમાણિત કરેલ નકલ (પાછળ નામ, સરનામું અને મોબાઈલ નંબર લખી) સંસ્થાના મેનેજરને મોડામાં મોડી તા. ૩૧ જુલાઈ, ૨૦૧૬ સુધીમાં જમા કરાવી દેવાની રહેશે, ત્યાર પછી માર્કશીટ આપનાર વિદ્યાર્થી ઈનામને પાત્ર ગણાશે નહીં. કાર્યક્રમ નિયત થયે તેની વિગતવાર જાણ સભ્યોને ટપાલથી કરવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

## 'મારી સ્નેહાળ સખી'